GJBN090002442026

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૧૩/૦૫/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૩/૦૫/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૧ | ૨૦ |
| **આંક–** | : | **૨૦** | | |

**<u>નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(s)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179A- અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તારીખ ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ</u>**

## FORM- A

**<u>ઉમરાળાના મહે.જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.ઉમરાળા</u>**

સમક્ષઃ – શ્રી.યુ.જી.પઠાણ
તારીખઃ– ૦૨/૦૭/૨૦૨૬

**ફોજદારી કેસ નંબર :– ૧૮૫/૨૦૨૬**

(ઉમરાળા પો. સ્ટે. પ્રોહી ગુ.ર.નં. :–૧૧૧૯૮૦૫૯૨૪૦૩૪૨/૨૪)

| | |
|---|---|
| **ફરિયાદી :–** | દીપસંગભાઈ ભગવાનભાઈ ભંડારી<br>હે.કો. ઉમરાળા પો.સ્ટે. |
| **ફરિયાદપક્ષે વકિલશ્રી :–** | વિ.એ.પી.પી.શ્રી.જે.એમ.પંડયા |
| **આરોપી :–** | દિગ્પાલસિંહ ઉર્ફે કુમારપાલસિંહ<br>મદારસિંહ ગોહિલ ઉ.વ.૩૬,<br>રહે.દરબારગઢ, વરતેજ ગામ,<br>તા.જી.ભાવનગર |
| **બચાવપક્ષે વિદ્ધાન વકિલશ્રી :–** | શ્રી.બી.પી.પરમાર / એચ.આર.જોષી |

## FORM- B

| | |
|---|---|
| **ગુન્હો બન્યાની તારીખ :–** | ૧૩/૦૮/૨૦૨૪ |
| **એફ.આઈ.આર રજીસ્ટર્ડ થયાની તારીખ:–** | ૧૪/૦૮/૨૦૨૪ |
| **ચાર્જશીટ દાખલ થયા તારીખ :–** | ૧૩/૦૫/૨૦૨૬ |
| **તહોમતનામું ફરમાવ્યા તારીખ :–** | ૧૮/૦૫/૨૦૨૬ |
| **ફરિયાદપક્ષનો પુરાવો શરૂ કર્યા તારીખ :–** | ૨૨/૦૫/૨૦૨૬ |
| **ચુકાદો અનામત રાખ્યા તારીખ :–** | – |
| **ચુકાદો જાહેર કર્યા તારીખ :–** | ૦૨/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ :– (જો હોય તો)** | – |

**<u>આરોપીની વિગત</u>**

| ક્રમ નં. | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર મુક્ત થયા તારીખ | આક્ષેપિત ગુન્હો | નિર્દોષ કે દોષિત ? | કરવામાં આવેલ સજા | બી.એન. એસ.એસ . કલમ ૪૬૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિગ્પાલ સિંહ ઉર્ફે કુમારપાલ સિંહ મદારસિંહ ગોહિલ | ૦૭/૦૪/૨૦૨૬ | UTP | ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ ૬૫(એ)(ઈ) ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબ | નિર્દોષ | – | ૨ માસ ૨૪ દિવસ |

**–: ઠરાવ :–**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે પ્રોહી

એક્ટની કલમ– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબ આરોપી નં.૧ તથા કોલમ નં.૧૨ માં જણાવેલ સહ આરોપી નં. ૨ નાઓએ ગઈ તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ ૨૩:૧૫ રામણકા ગામના પાટીયે જાહેર રોડ ઉપર આરોપી નં.૧ નાએ પોતાના કબ્જા ભોગવટાની સિલ્વર કલરની મહીન્દ્રા XUV300 ફોરવ્હીલ ગાડી નં. GJ–10–DE–2419 માં ગેરકાયદેસર વગર પાસ પરમીટે ઈન્ગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ–૧૨૬૨ કિંમત રૂ.૧,૬૩,૨૬૫/– તથા બીયર ટીન નંગ–૨૩૯ કિં.રૂ.૨૯,૮૭૫/– નો પ્રોહી મુદ્ધામાલ રાખી રેઈડ દરમ્યાન આરોપી નં.૧ હેરાફેરી કરતા પકડાઈ જઈ, આરોપી નં.૨ નાએ ઈન્ગ્લીશ દારૂનો જથ્થો વેચાણ અર્થે મોકલી તથા હાલના આરોપી દિગ્પાલસિંહ ઉર્ફે કુમારપાલસિંહ મદારસિંહ ગોહિલો નાએ સદર દારૂનો જથ્થો મંગાવી, આમ આરોપીઓએ દારૂનો જથ્થો વેચાણ અર્થે મંગાવી તથા લાવી તથા મોકલી ગુન્હાહિત કાવતરૂ રચી, ગુન્હામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તપાસના અંતે પૂરતો પુરાવો મળી આવતા હાલના આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરતા આરોપીને ગુન્હાનો સમન્સ ઈસ્યુ કરેલ.

**૨.** સમન્સની બજવણી થતા આરોપી તેના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને તેને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કરી, **આંક–3** થી તહોમતનામું ફરમાવી, ગુન્હા અંગે સમજ કરી **આંક–૪** થી નિવેદન લેવામાં આવતાં આરોપીએ તેની સામેના આક્ષેપીત ગુન્હાની કબુલાત ન કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.

૩. સદરહું ગુન્હાના આક્ષેપો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## **FORM– C**

**–: ફરિયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફથી રજૂ થયેલ સાક્ષીઓનું લીસ્ટ:–**

**(એ) ફરિયાદપક્ષ તરફે :–**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ / વિગત | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, એક્સપર્ટ સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW–1 | ૦૫ | પંચસાહેદ સંજયભાઈ વલ્લભભાઈ ચૌહાણની જુબાની | મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW–2 | ૦૭ | પંચસાહેદ ગોકુળભાઈ ગોપાભાઈ મેરની જુબાની | મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW–3 | ૦૮ | પંચસાહેદ પ્રકાશભાઈ ઉર્ફે પીન્ટુ બંસીલાલ શર્મા ની જુબાની | અટક પંચનામાના પંચસાહેદ |
| PW–4 | ૧૦ | પોલીસ સાહેદ ચંન્દ્રસિંહ બટુકસિંહ વાળાની જુબાની | પોલીસ સાહેદ |
| PW–5 | ૧૧ | પંચસાહેદ પરેશભાઈ જગદીશભાઈ મુલચંદાણી ની જુબાની | અટક પંચનામાના પંચસાહેદ |
| PW–6 | ૧૩ | ફરિયાદી દીપસંગભાઈ ભગવાનભાઈ ભંડારીની જુબાની | ફરિયાદી (પોલીસ સાહેદ) |
| PW–7 | ૧૫ | પોલીસ સાહેદ ભચલાલસિંહ સમરતસિંહ ચુડાસમાની જુબાની | પોલીસ સાહેદ |
| PW–8 | ૧૬ | પોલીસ સાહેદ અલ્ફાઝ મહમદહનીફભાઈ વોરાની જુબાની | પોલીસ સાહેદ |
| PW–9 | ૧૭ | પોલીસ સાહેદ હસમુખભાઈ કનુભાઈ પરમારની જુબાની | પોલીસ સાહેદ |
| PW–10 | ૧૮ | ત.ક.અ અરવિંદભાઈ ગોબરભાઈ મકવાણાની જુબાની | તપાસ કરનાર અમલદાર |

(બી) બચાવપક્ષ તરફે (જો હોય તો) :–

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ / વિગત | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, એક્સપર્ટ સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| CW–1 | – | – | – |

(સી) કોર્ટ તરફે (જો હોય તો) :–

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ / વિગત | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, એક્સપર્ટ સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| CW–1 | – | – | – |

**–: ફરિયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

(એ) ફરિયાદપક્ષ તરફે :–

| ક્રમ નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૦૬/ PW–1 | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૨. | ૦૯/ PW–3 | અટક પંચનામું |
| ૩. | ૧૪/ PW–6 | ફરિયાદ |

(બી) બચાવપક્ષ તરફે (જો હોય તો ) :–

| ક્રમ નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | – | – |

(સી) કોર્ટ તરફે (જો હોય તો ) :–

| ક્રમ નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | – | – |

(ડી) મટીરીયલ ઓબ્જેક્ટ :–

| ક્રમ નંબર | મટીરીયલ ઓબ્જેક્ટ નં. | વિગત |
|---|---|---|
| ૧. | MO–1 | મુદ્દામાલ પાવતી પ્રમાણે કબજે કરેલ |

**૪. <u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન ,</u>**

આ કામે ફરિયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષના ઉપરોકત પડેલા પુરાવાઓ અંગે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેતા તેમાં ઈન્કારાત્મક બચાવ લેવામાં આવેલ છે તેમજ સોગંદ ઉપર જુબાની આપેલ નથી. બચાવમાં સાહેદ તપાસેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સરકાર તરફે વિદવાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદવાન વકીલશ્રીની વિસ્તૃત દલીલો સાંભળી.

**૫.** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી ફરીયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–– મુદ્દાઓ––**

૧. શું ફરિયાદપક્ષ નિઃ શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે તારીખે અને સ્થળે આ કામના આરોપી નં.૧ નાએ પોતાના કબ્જા ભોગવટાની સિલ્વર કલરની મહીન્દ્રા XUV300 ફોરવ્હીલ ગાડી નં. GJ–10–DE–2419 માં ગેરકાયદેસર વગર પાસ પરમીટે ઈન્ગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ–૧૨૬૨ કિંમત ૩,૦૧,૬૩,૨૬૫/– તથા બીયર ટીન નંગ–૨૩૯ કિં.૩,૦૨૯,૮૭૫/– નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન આરોપી નં.૧ હેરાફેરી કરતા પકડાઈ જઇ, આરોપી નં.૨ નાએ ઈન્ગ્લીશ દારૂનો જથ્થો વેચાણ અર્થે મોકલી તથા હાલના આરોપી દિગ્પાલસિંહ ઉર્ફે કુમારપાલસિંહ મદારસિંહ

ગોહિલો નાએ સદર દારૂનો જથ્થો મંગાવી, આમ આરોપીઓએ દારૂનો જથ્થો વેચાણ અર્થે મંગાવી તથા લાવી તથા મોકલી ગુન્હાહિત કાવતરૂ રચી, ગુન્હામાં એકબીજાની મદદગારી કરી, પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે. ?

૨. શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્ધાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્ધા નં. ૧ નકારમાં
મુદ્ધા નં. ૨ આખરી હુકમ મુજબ

**–::– <u>કા ર ણો</u> –::–**

**૭. મુદ્ધા નં.૧,**

ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુન્હાઓ પુરવાર કરવા માટે પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરતા નીચે મુજબની હકીકતો માલુમ પડેલ છે.

૮. હાલના કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદી તથા પોલીસ સાહેદો ફરિયાદ હકીકતને સમર્થન આપતા જણાવે છે કે, તેઓએ આરોપી નં.૧ પાસેથી મુદ્ધામાલ ઈન્ગ્લીશ દારૂની બોટલો તથા બીયરના ટીન મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરેલ અને અન્ય આરોપી નં.૨ નાઓએ સદર મુદ્ધામાલ આપી મદદગારી કરેલ હોય આરોપી નં.૧ ને અટક કરેલ. પરંતુ આ કામે તપાસેલા પંચસાહેદોની જુબાની જોતાં, પોલીસે તેઓને કોઈ જગ્યાએ પંચમાં રહેવા બોલાવેલ નહી પરંતુ ઉમરાળા પોલીસ સ્ટેશનમાં બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલી.

તેઓની હાજરીમાં કોઈ ઈસમોને ઈન્ગ્લીશ દારૂ સાથે પકડેલ હોય અને પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી. તેઓ આરોપીને જોયે ઓળખતા નથી તેવો પુરાવો આપે છે. આમ, પ્રોહીબીશનના ગુન્હામાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે મુદ્દામાલના પંચસાહેદો જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકર્તા નથી જેથી આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે તેવું પુરવાર થતું નથી. આ તબક્કે **ગુજરાત રાજ્ય વિ. ભીખાભાઈ કાળીદાસ પટેલ ૧૯૮૫(૨) જી.એલ. આર પાના નં.૭૭૫ ના ચુકાદામાં જણાવેલ પંચનામા બાબતના સિદ્ધાંતો ધ્યાને લેતાં,** જ્યારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય અને પંચસાહેદોએ પોતાની જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી. આમ, હાલના કામે પણ પોલીસે પંચસાહેદોની હાજરીમાં પંચનામાની વિગતે કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે પંચસાહેદો પંચનામાની કોઈ હકીકતને સમર્થન કે ટેકો આપતા નથી, તેવા સંજોગોમાં આરોપીઓ પાસેથી કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પરથી પુરવાર થતું નથી. જેથી ફરિયાદપક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નથી.

૯. આ કામે તપાસ કરનારની જુબાની જોતાં, સમગ્ર તપાસ અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ તેમ જણાવે છે. પરંતુ સદર કામમાં સ્ટેશન ડાયરીનો ઉતારો સામેલ રાખેલ નથી તથા બનાવવાળો રોડ ગઢડા-ઉજળવાવ રોડ છે અને ત્યાં ઘણા બધા માણસોની અને વાહનોની અવર જવર રહેતી હોય છે તથા આ કામના પંચો બનાવવાળી જગ્યાના સ્થાનિક પંચો નથી તથા રામણકા ગામના પાટીયા પાસે પાનમાવાની કેબીન આવેલ છે ત્યાં

ગ્રાહકોની અવર જવર રહેતી હોય છે આ કામે સ્ટેશન ડાયરી કે લોગબુકનો આધાર સામેલ રાખેલ નથી તથા ખાનગી વાહનનું નામ નંબર ફરિયાદમાં કે સાહેદોના નિવેદનોમાં જણાવેલ નથી તથા આ કામે પોલીસ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તથા **આ કામના આરોપી બનાવ સ્થળેથી કોઈ પ્રોહી મુદ્દામાલ સાથે પકડાયેલ નથી.** આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ અનુસાર આરોપીને અનન્ય અને સભાનપણાનો કબજો *Exclusive & Conscious possession* પુરવાર થતું નથી.

ફરીયાદપક્ષે કથીત મુદ્દામાલ ઈન્ગ્લીશ દારૂ/બીયર જ હતો તે બાબતનો એફ.એસ. એલ રીપોર્ટ રજુ રાખેલ નથી. હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી અને આ કામે તપાસેલા પંચોની જુબાની જોતા, તેઓ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી જેથી હાલના આરોપીઓની પ્રત્યક્ષ સંડોવણી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૧૦.** વધુમાં રેકોર્ડ ઉપરનો પુરાવો જોતા આ કામના આરોપીએ કહેવાતો ગુનો કર્યો છે તેવી શંકા ઉદ્‌ભવે છે પરંતુ કાયદાનો એ સ્થાપિત સિદ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબૂત હોય તો પણ કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સાબિત થયો સિદ્ધાંત છે કે સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ મારે જોવો જોઈએ નહીં. આમ ઉપરોકત કરી ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયિત જણાતું નથી. એવું જ પ્રસ્થાપિત સિદ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબના ચુકાદામાં ઠરાવેલ છે.

(1) Kailash Gour Vs State of Assam 2012 AIR SC 786. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent

till he is proved to be guilty. It is equally well settled that suspicion, howsoever strong can never take the place of proof There is indeed along distance between accused may have committed the offence and must have committed the offence which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence Presumption of innocence has been recognized as a human right which cannot be wished away Reference in this context can be made to the case of Narendra. (2004) 10 699 Singh and Anr v State of MP SCC and. Ranjit Singh Brahma Jeet Singh Sharma v State of Maharashtra. (2005) 5 SCC To the same effect is the decision of this Court in Ganesan v Rama S Raghuraman and Ors. (2011) 2 SCC83 where this Court observed "Every accused is presumed to be innocent unless his guilt is proved The Presumption of innocence is human rights. Subject to the statutory exceptions the said principle forms the basis of. "criminal jurisprudence in India. (2)...Surendra Kumar And Another Vs State Of U P Criminal Appeal No of 2021 6965- 2021 SLP criminal 20-4-2021 (: Before Rohinton Fali Nariman B R Gavai,. )and Hrishikesh Roy JJ)

1. When two views are possible the benefit must go to the accused

2. It is well settled by now that in a case based on circumstantial evidence the courts ought to have a conscientious approach and conviction ought to be recorded only in case all the links of the chain are

complete pointing to the guilt of the accused Each link unless connected together to form a chain may suggest suspicion but the same in itself cannot take place of proof and will not be sufficient to convict the accused.

3. There can be no uniform or universal reaction for a crime 'witness and inferences must not be drawn on Court s assumption.

4. As the burden to prove the guilt is always on the prosecution and cannot be shifted to the accused by virtue of Section 106.

(3) Shivaji Sahebrao Bobade & Anr v State Of Maharashtra, Doctrine of Benefit of Doubt: -

In order to understand the concept of benefit of doubt it is always wise to understand when such a benefit is given to the accused person in any criminal trial because as per one of the three cardinal principles of criminal jurisprudence a person accused of a criminal charge is always assumed to be innocent until he is proven guilty by the prosecution beyond reasonable doubt, Thus the primary responsibility to prove the guilt of the accused is cast upon the prosecution because it is the prosecution who has set the criminal law into.... motion by lodging an FIR against the accused person, 'Therefore this primary responsibility which is known burden of proof' .in legal parlance is required to be understood.

**૧૧.** રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાર ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ થતો ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## (( હુ ક મ ))

**1.** આ કામના આરોપી દિગ્પાલસિંહ ઉર્ફે કુમારપાલસિંહ મદારસિંહ ગોહિલને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે, ધી ગુજરાત પ્રોહિ એક્ટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2.** આ કામે મુદ્દામાલ મોબાઈલનો વચગાળાનો થયેલ હુકમ આથી અપીલ સમય બાદ કાયમ કરવામાં આવે છે. ફો.કે.નં.૬૫૩/૨૪ બાકીના મુદ્દામાલનો હુકમ કાયમ કરવામાં આવે છે.

**3.** આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબના અપીલ સમય સુધીના રૂપીયા ૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) ના જામીન રજૂ રાખવા.

હુકમ આજ તા.૨જી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૭/૨૦૨૬
ઉમરાળા.

ઉમરખાન ગુલહમીદખાન પઠાણ
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઉમરાળા
કોડ નં. જીજે૦૧૫૭૪

રાજેશ સી.પારેખ પી.એ.

U.G.PATHAN
Principal J.M.F.C, Umrala Dt.02/07/2026